# ૧૦ જુલાઇ – ૨૦૧૬ (શનિવાર)

**(૧) U.S. માં H-1B વિઝા વિરૂદ્ધ બિલ રજુ થયું .**

– અમેરિકામાં કામ કરતી ભારતીય કંપનીઓ પર H-1B વિઝા દ્વારા કર્મચારીઓને નોકરીમાં રાખવા વિરૂદ્ધ અમેરિકાની સંસદમાં બિલ રજુ કરવામાં આવ્યું.

– અમેરિકામાં કાર્યરત હોય એવી ભારતીય કંપનીઓ ભારતના કર્મચારીઓને H-1B અને L-1 પ્રકારનો વિઝા અપવીને અમેરિકામાં કામ કરવા આમંત્રિત કરે છે.

– આ વિઝા હેઠળ એક અમેરિકન કંપની વિદેશી કર્મચારીને છ વર્ષ માટે નોકરી પર રાખી શકે છે.

– આ બિલ પસાર થઇ જશે તો કંપનીએ ફરજીયાત અડધા કર્મચારીઓ અમેરીકામાંથી જ પોતાની કંપનીમાં રાખવા પડશે.

– જે કંપનીના ૫૦ કર્મચારીઓમાંથી અડધા H-1B, L-1 વિઝા ધારક હશે તે વધુ ભારતીય કર્મચારીઓને વિઝા નહી અપાવી શકે.

**(૨) અબ્દુલ સત્તાર ઇદ્દહી :**

– પાકિસ્તાનના જાણીતા સમાજસેવી અબ્દુલ સત્તાર ઇદ્દહીનું કરાંચીમાં અવસાન.

– પાકિસ્તાનના મધર ટેરેસા ગણાતા ઇદ્દહીનો જન્મ બ્રિટિશ ભારતમાં ગુજરાતના બાંટવા ગામમા થયો હતો.

– બાંટવામાં તેઓ ભૂખ્યાઓને રોટી ખવડાવતા જેથી તેઓ રોટીના હુલામણા નામે લોકોમાં જાણીતા હતા.

– ઇદ્દહી પાકિસ્તાનની સૌથી મોટી સામાજીક સંસ્થા ઇદ્દીહી ફાઉન્ડેશનની સ્થાપના કરી જીવનભર સમાજસેવા કરી

– તેમને મળેલા પુરસ્કાર : 'નિશાન–એ ઇમ્તિયાઝ' 'લેનિન પીસ પ્રાઇઝ' અહેમદીયા મુસ્લીમ પીસ પ્રાઇઝ'વ

**(૩) બુરહાન વાની – આતંકવાદી :**

– હિઝબુલ મુજાહિદ્દિનના ટોચના કમાન્ડર બુરહાન વાનીને સેનાઓ મારી નાખ્યો.

– કાશ્મિરનો બુરહાન પહેલો એવો આતંકવાદી હતો જે ઓટોમેટિક રાયફલો સાથેની પોતાની તસવીર ફેસબુક પર અપલોડ કરતો હતો.

– સરકાર દ્વારા તેના પર રૂા. ૧૦ લાખનું ઇનામ હતું.

પ્રશ્નો :

(૧) H-1B, L-1 વિઝા હેઠળ અમેરિકન કંપની વિદેશી કર્મચારીને કેટલા વર્ષ નોકરી પર રાખી શકે છે ?

– છ

(૨) તાજેતરમાં અવસાન થયેલ પાકિસ્તાનના જાણીતા સમાજસેવક નું નામ જણાવો.

– અબ્દુલ સત્તાર ઇદ્દહી

(૩) અબ્દેલ સત્તાર ઇદ્દહીનું જન્મ સ્થળ જણાવો.

– બાંટવા (જૂનાગઢ)

(૪) પાકિસ્તાનમાં ઇદ્દહીએ સ્થાપેલ સંસ્થાનું નામ જણાવો.

– ઇદ્દહી ફાઉન્ડેશન

(૫) ઇદ્દહી બાંટવામાં હતા ત્યારે કયાં હુલામણા નામથી જાણીતા હતા ?

– રોટી

(૬) તાજેતરમાં માર્યા ગયેલ હિઝબુલ મુજાહિદ્દિનના કમાંડરનું નામ જણાવો.

– બુરહાન વાની

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧